ગુજરાતનો મહાસંગ્રામ 2012

બીજા તબક્કાની ચૂંટણી માટે ઉમેદવારોને લઈ ચર્ચા

ભાજપ-કોંગ્રેસ દ્વારા હવે ગુરૂવારે યાદી જાહેર થશે

બીજા તબક્કામાં ૯૫ બેઠકો માટે ઉમેદવારો ગમે તે પસંદ કરાય પણ બન્ને પક્ષોમાં ભડકો થવાની પ્રબળ સંભાવના

અમદાવાદ, તા. ૨૫

ગુજરાત વિધાન સભાની પ્રથમ તબક્કાની ૮૭ બેઠકો માટેની ચૂંટણી માટે ઉમેદવારની ફોર્મ ભરવાની અવધીપૂર્ણ થતાં હવે ભાજપ અને કોંગ્રેસ દ્વારા બીજા તબક્કાની ૯૫ બેઠકો માટે ઉમેદવારોની પસંદગીને આખરી ઓપ આપી દીધો છે બીજા તબક્કાની ચૂંટણી માટે ઉમેદવારી ફોર્મ ભરવાની છેલ્લી તા.૩૦મી નવેમ્બર છે એટલે બન્ને પક્ષો દ્વારા તા.૨૯મીને ગુરૂવાર સુધીમાં ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવશે.

સૂત્રોના જણાવ્યા મુજબ ભાજપે પ્રથમ તબક્કાની ચૂંટણીમાં તેના મોટાભાગના ધારાસભ્યોને રિપિટ કર્યા છે એટેલે બીજા તબક્કાની ચૂંટણી માટે પણ ભાજપ વર્તમાન ધારાસભ્યોને રિપિટ કરે તેવી શક્યતા છે. ભાજપ અને કોંગ્રેસ એમ બન્ને પક્ષોમાં ટિકિટ ફાળવવાની બાબતમાં કાર્યકરોમાં અસંતોષ ચાલી રહ્યો છે. કોંગ્રેસે તો ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કર્યા બાદ બીજી યાદી જાહેર નહીં કરીને જે તે ઉમેદવારોને સીધા મેન્ડેટ આપી દીધા હતા. કોંગ્રેસના ઉમેદવારોએ ફોર્મ પણ ભરી દીધા છે છતાં હજુ સત્તાવાર રીતે બીજી યાદી જાહેર કરી નથી. જોકે કોંગ્રેસ બીજા તબક્કાની ચૂંટણીમાં પણ ઉમેદવારોને સીધી જ જાણ કરીને મેન્ડેટ મોકલી આપશે. કોંગ્રેસમાં ટિકિટ દાવેદારોની સંખ્યા વધુ છે જેમાં અમદાવાદ ની બેઠકો કોંગ્રેસે માટે માથાના દુઃખાવારૂપ બને તેમ હતું. એટલે જ કોંગ્રેસે ચાર બેઠકોના ઉમેદવારોના નામો અગાઉથી જાહેર કરી દીધા હતા. હવે વેજલપુર, જમાલપુર, વટવા સહિતની બેઠકોના નામો જાહેર કરાશે. આ બેઠકો પર કોઈપણ નામ જાહેર કરવામાં આવે પણ ભડકો તો થવાનો જ છે. પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડિયા સોમવારે દિલ્હી જવા રવાના થશે. જ્યારે ભાજપે પણ વિવાદ ન થાય એ માટે આગોતરૂ આયોજન કર્યું છે.

ભાજપના ટોચના નેતાઓ મેદાનમાં ઉતર્યા

ગડકરી સુરતમાં, રમણસિંહની આજે રાજકોટમાં જાહેરસભા

સ્મૃતિ ઈરાની ગઢડા અને બોટાદમાં જાહેરસભાને સંબોધન કરશે: તમામ મતવિસ્તારમાં ઝંઝાવાતી પ્રચારનો દોર શરૂ

અમદાવાદ, તા. ૨૫

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના ભાજપાના ઉમેદવારોના ચૂંટણી પ્રચારાર્થે ભાજપાના રાષ્ટ્રીય નેતાઓએ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર વિસ્તારમાં અનેક સ્થાનો પર જાહેરસભાઓને સંબોધીને ભાજપાના ચૂંટણી પ્રચારનો પ્રારંભ કર્યો હતો. ભાજપાના રાષ્ટ્રીય નેતાઓએ પ્રથમ તબક્કાની બેઠકો પર ઝંઝાવાતી પ્રચાર કરી કમળલહેર ઉભી કરવા જનતા જનાર્દનને આહવાન કર્યું હતું. ભાજપના પ્રદેશ પ્રવક્તા આઈ.કે.જાડેજા અને મનસુખ માંડવીયાએ જણાવ્યું છે કે, તા.૨૬ નવેમ્બરે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન ગડકરી સુરતના ઉધના વિસ્તારમાં ૬.૦૦ કલાકે અને લિંબાયત વિસ્તારમાં ૮.૦૦ કલાકે સભાને સંબોધન કરશે. ભાજપના છત્તીસગઢ સરકારના મુખ્યમંત્રી ડો.રમણસિંહ રાજકોટ મહાનગરમાં ૬.૦૦ કલાકે રાજકોટ પૂર્વ અને ૭.૩૦ કલાકે રાજકોટ પશ્ચિમ વિધાનસભા મત-વિસ્તારમાં સભાને સંબોધન કરશે.

ભાજપાના રાષ્ટ્રીય મહામંત્રી અને પૂર્વ કેન્દ્રીય મંત્રી વિજય ગોયલ અમદાવાદ જીલ્લાના વિરમગામ ખાતે ૪.૦૦ કલાકે, સુરેન્દ્રનગર જીલ્લાના દસાડા (પાટડી) ખાતે ૫.૦૦ કલાકે અને ધ્રાંગધ્રામાં બપોરે ૨.૦૦ કલાકે સભાને સંબોધન કરશે. ભાજપાના મહિલા મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષા સ્મૃતિ ઈરાની ભાવનગર જીલ્લાના ગઢડામાં ૬.૦૦ કલાકે અને બોટાદમાં ૮.૦૦ કલાકે સભાને સંબોધન કરશે. ભાજપાના રાષ્ટ્રીય નેતા ફગ્ગનસિંહ કુલસ્તે નવસારી જીલ્લાના વાસંદા, તાપી જીલ્લાના વ્યારા અને સુરત જીલ્લાના માંગરોળમાં સભાને સંબોધન કરશે. ભાજપના રાષ્ટ્રીય મંત્રી શ્યામ જાજુ રાજકોટ જીલ્લાના ગોંડલ, ઓમપ્રકાશ ધનકડ રાજકોટ જીલ્લાના ધોરાજી, જુનાગઢ જીલ્લાના જુનાગઢ (પલસવા), જુઆલ ઓરમ નર્મદા જીલ્લાના નાંદોદ, ડેડીયાપાડામાં અને હુકમસિંહ નારાયણ સુરેન્દ્રનગર જીલ્લાના વઢવાણ ખાતે સાંજે ૪.૦૦ કલાકે અને અમદાવાદ જીલ્લાના સાણંદમાં બપોરે ૨.૦૦ કલાકે સભાઓને સંબોધશે. ૨૬ નવેમ્બરના રોજ ભાજપાના સાંસદ મનસુખ વસાવા, રાજેન્દ્રસિંહ રાણા, રાજ્યસભાના સાંસદ શંકરભાઈ વેગડ, કાનજી પટેલ, પૂર્વ સાંસદ માનસિંહ પટેલ, ભાજપાના ઉપાધ્યક્ષ કૌશિક પટેલ સહિતના નેતાઓ રાજ્યના વિવિધ વિસ્તારોમાં ચૂંટણી પ્રચાર સભાઓમાં ઉપસ્થિત રહી સંબોધન કરશે.

અંગત મતભેદોના કારણે ઘણા નીકળી ગયા છે

સમગ્ર ભાજપ નરેન્દ્ર મોદીની સાથે : અરૂણ જેટલીનો દાવો

પક્ષને ઐતિહાસિક જીત અપાવવા માટે અમે આવ્યા છીએ : પક્ષ છોડી ચુકેલા કેશુભાઈને લોકો સ્વીકારશે નહીં : જેટલી

અમદાવાદ, તા. ૨૫

રાજ્યસભામાં વિપક્ષના નેતા અરૂણ જેટલીએ આજે કહ્યુ હતુ કે સમગ્ર ભાજપ ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની સાથે છે. ગુજરાતમાં ચૂંટણી પ્રચાર કરવા માટે તમામ નેતાઓ મેદાનમાં ઉતરી ગયા છે. જેટલીએ કહ્યુ હતુ કે ઘણા ભાજપના નેતાઓ રેલીઓને સંબોધન કરી રહ્યા છે જે સંકેત આપે છે કે સમગ્ર પાર્ટી ગુજરાત ભાજપ અને નરેન્દ્રભાઈની સાથે છે. અમે પક્ષને ઐતિહાસિક જીત અપાવવા માટે અહીં આવ્યા છીએ.

આજે ભાજપે આશરે ૫૫ જેટલી જાહેર સભાઓનું આયોજન કર્યુ હતુ. તમામ ટોચના નેતાઓ ચૂંટણીના પ્રથમ તબક્કાઓ માટે ઝંઝાવાતી પ્રચાર કરી રહ્યા છે. એલકે અડવાણી અને સુષ્મા સ્વરાજ હજુ પ્રચારમાં જોડાયા નથી. પ્રથમ તબક્કાની ચૂંટણી દરમિયાન તમામ મતવિસ્તારમાંથી ભૂતપૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ તેમના ઉમેદવારોને મેદાનમાં ઉતારી ચુક્યા છે. પક્ષની અંદર બળવાની સ્થિતિ અંગે પ્રશ્નોના જવાબમાં જેટલીએ કહ્યુ હતુ કે અમારી પાર્ટીને છોડી ચુકેલા નેતાઓને લોકો ક્યારેય પણ સ્વીકારશે નહીં. કેશુભાઈ પટેલને પણ લોકો સ્વીકારશે નહીં. સદભાવના મંચના ધ્વજ હેઠળ અન્ય એક ધારાસભ્ય કનુભાઈ કલસારિયા પણ ચૂંટણી મેદાનમાં છે.

જેટલીએ કહ્યુ હતુ કે ભાજપને છોડી ચુકેલા લોકો વૈચારિક મતભેદના કારણે છોડીને ગયા નથી. પરંતુ અંગત મતભેદોના કારણે પક્ષને છોડી ગયા છે. પક્ષ છોડી ગયેલા નેતાઓને તેમના નિર્ણયથી હતાશ થવું પડશે. કોંગ્રેસ પાસે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની સમકક્ષ ઉભા રહે તેવા કોઈ પણ નેતા નથી. આ જ કારણસર તેઓ તેમને ટાર્ગેટ બનાવી રહ્યા છે. જેટલીએ એમ પણ કહ્યુ હતુ કે મોદી એક એવા નેતા છે જેમની કુશળતા સતત વધી રહી છે. વર્ષ ૨૦૧૪માં યોજાનારી ચૂંટણી માટે નરેન્દ્ર મોદી વડાપ્રધાન પદના ઉમેદવાર રહેશે કે કેમ તેઅંગે પુછવામાં આવતા જેટલીએ કહ્યુ હતુ કે રાષ્ટ્રીય સ્તરે પણ તેમની કુશળતા વધી છે પરંતુ ભવિષ્યમાં તેમનો ઉપયોગ કઈ રીતે કરવામાં આવે તે અંગે યોગ્ય સમય નિર્ણય કરવામાં આવશે.

મતદાન આપણો ધર્મ

ગાંધીનગર, તા. ૨૫

ગુણવંતી ગુજરાતનો દરેક નાગરિક પોતાના પ્રતિનિધિને યોગ્ય રીતે પસંદ કરી સત્તાની દોર પોતાના નેતાને આપે છે પણ... કેટલાક વર્ષોથી નોંધાયું છેકે મતદાન ધાર્યા કરતાં ખૂબ ઓછું થાય છે. સો ટકા મતદાન થતું નથી ત્યારે ગાંધીનગરના અગ્રણીઓએ સમાજ સેવકોએ આગામી ચૂંટણીમાં મતદાન વધુ થાય અને યોગ્ય નેતાની પસંદગી થાય તે માટે નગરજનોને નમ્ર અપીલ કરી છે...

● દોલતભાઈ ભટ્ટ

'આપણી મજબૂત અને સફળ લોકશાહી છે. લોકશાહીમાં મહત્વની જવાબદારી નાગરિકોની છે. નાગરિકોનું પહેલું કર્તવ્ય મત આપવાનું છે. લોકશાહી માત્ર લોકમત પર આધારીત હોય છે. સમાજ અને નાગરિકોએ પોતાની નૈતિક જવાબદારી પ્રમાણે મત ચોક્કસ આપવો જોઈએ. મત દ્વારા શાસન-લોક શાસન રચાય છે. આપણી લોકસભા, વિધાનસભા એ જનસમાજનું પ્રતિબિંબ છે. મતદાન દ્વારા બંને ગૃહોની રચના થાય છે. આપણો ધર્મ બને છે કે, જાગૃતિપૂર્વક સંપૂર્ણપણે મતદાન કરવું.'

● હર્ષદભાઈ ત્રિવેદી

'ચૂંટણી એ લોકશાહીનું પર્વ ગણાય... દરેક નાગરિકની ફરજ છે કે પોતે પોતાનો અમૂલ્ય મત આપવો જોઈએ. મત એ આપણો અધિકાર છે. આપણી ફરજ છે. મત આપવામાં કોઈ દયાદાન નથી કરવાનું..!!! માટે લોકશાહી પ્રણાલીમાં નાગરિકે પોતાના પ્રતિનિધિની પસંદગી માટે સ્પષ્ટ જવું જોઈએ... એટલે કે વ્યક્તિને કે પાર્ટીને મત આપવો તેમાં સ્પષ્ટ થઈને મત આપવો જોઈએ...'

● જયરાજસિંહ સરવૈયા

'લોકશાહી ચૂંટણીમાં દરેક નાગરિકની ફરજ છે કે તેણે મત આપવો. ખેતરે પાણી ચારવા જવું હોય તો તે બાજુ પર મુકીને મત આપવો જોઈએ, જે મત ન આપતો હોય, મતદાન ન કરતો હોય તેને વાહનની વ્યવસ્થા આપીને પણ યોગ્ય મતદાન કરવા અપીલ કરવી જોઈએ. ખોટુ મતદાન કરવું જોઈએ નહીં, આપણી ફરજ મતદાન કરવાની છે. દરેક ગામ, શહેરમાં કોઈ મત આપવામાં બાકી ન રહેવો જોઈએ. ઉંમરલાયક વ્યક્તિને, બહેનને પણ તેનો મત આપવા જાગૃત કરવા જોઈએ...'

પાંચ-પાંચ વાયબ્રન્ટ સમીટ બાદ પણ ગુજરાત દેશમાં પાંચમા સ્થાને

ગાંધીનગર ખાતે પરિવર્તન પાર્ટીના જિલ્લા કાર્યકરોને ગોરધનભાઈ ઝડફીયાનું ઉદ્‌બોધન

ગાંધીનગર, તા. ૨૫

પાંચ-પાંચ વાયબ્રન્ટ સમીટના આયોજન પછી ગુજરાત ઔદ્યોગિકરણમાં દેશમાં પાંચમા સ્થાને આવ્યું છે તે જ ગુજરાતની દિશા અને દશા બતાવે છે તેમ પરિવર્તન પાર્ટીના શ્રી ગોરધનભાઈ ઝડફિયાએ આજે જિલ્લાના કાર્યકર્તાઓના સંમેલનને સંબોધતા જણાવ્યું હતું.

શ્રી ઝડફિયાએ આક્ષેપ કર્યો હતો કે બેરોજગારીને રોજગારી પુરી પાડવામાં પણ સરકાર નિષ્ફળ નિવડી છે તો ગૌચરની જમીન ઉપલબ્ધિમાં ભારેખમ ઘટાડો આ સરકારના શાસનમાં થયો છે. તેમણે ભાજપના શાસનકર્તાઓને ખુલ્લી ચર્ચાનો પડકાર આપી જણાવ્યું હતું કે વિકાસની વાતો થાય છે પણ વાસ્તવિકતા સાવ જુદી છે.

તેમણે જણાવ્યુ હતુ કે પરિવર્તન પાર્ટી સત્તા પર આવશે તો ૩૦૦ યુનિટ સુધીના વીજવપરાશકારોને રાહત, પેટ્રોલ-સી.એન.જી. પરના વેટમાં ઘટાડો કરી રાહત આપશે એટલુ જ નહિ ગેસના બાટલામાં પણ રાહત આપશે. અમે લોકોને રાહત આપીશુ એ નિર્વિવાદ હકીકત છે.

ગુજરાતની કથળતી જતી સ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરતાં તેમણે જણાવ્યુ હતુ કે કુપોષણ એ ગુજરાતની મોટી ચિંતા છે. તેમણે જણાવ્યું હતું કે રાજ્ય દેવાના ડુંગરતળે દબાઈ રહ્યું છે અને તેનો વિકાસ રૂંધાયો છે.

શ્રી ઝડફિયાએ વહીવટી તંત્રના તેમજ વર્તમાન કાયદાઓમાં પણ પરિવર્તન પાર્ટી મહત્વના સુધારા લાવશે તેવો સંકેત આપ્યો હતો. તેમણે જણાવ્યુ હતુ કે તેમના પક્ષની રચનાથી લઈ ચૂંટણીના નિશાન સુધી અનેક રાજકીય અટકળો રજુ કરી કાર્યકર્તાને નિરાશ કરવાનો પ્રયાસો થયા છે પણ પ્રજામત હવે પરિવર્તન ઈચ્છી રહ્યો છે અને અમે વિજયી બન્યા પછી રાહત વિકાસનું સાચુ દર્શન કરાવીશુ.

નર્મદે સર્વદેના નારાઓ સાથે ગુજરાતની પ્રજાને ગુમરાહ સરકારે કરી હોવાનો ગંભીર આક્ષેપ કરતાં તેમણે જણાવ્યું હતુ કે નર્મદા યોજનાનું કામ અત્યંત ધીમીગતિએ ચાલી રહ્યું છે અને આજ ગતિ રહી તો આગામી દસ વર્ષમાં પણ આ કામગીરી સંપન્ન થાય તેવુ લાગતુ નથી.

તેમણે કહ્યું કે વિકાસની વાતો કરતા મુખ્યમંત્રીએ તેમના ફોટાઓ જાહેરાતો પાછળ રૂ. ૭૦૦ કરોડથી પણ વધુનો ખર્ચ કર્યો છે જો આ નાણાં કન્યા કેળવણી માટે વપરાયા હોત તો ગુજરાતમાં શિક્ષણની સ્થિતિ જુદી જ હોત.

આ સ્નેહમિલન સમારોહમાં પૂર્વ સહકાર રાજ્યમંત્રી શ્રી અરવિંદભાઈ પટેલ, પ્રદેશ મંત્રી શ્રી વિક્રમભાઈ ચૌહાણ, શ્રી એમ.આર. પટેલ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ સ્નેહમિલન સમારોહમાં જિલ્લાની વિવિધ બેઠકોના સંભવિતોના નામોની જાહેરાત સાથે તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

જેઠમલાણી ભાજપમાંથી સસ્પેન્ડ થયા : હકાલપટ્ટી થવાના ભણકારા

નવી દિલ્હી, તા. ૨૫

ભાજપ પ્રમુખ નીતિન ગડકરીના રાજીનામાની માંગ, તેમની સામે વાંધાજનક ટિકા-ટિપ્પણી તેમજ સીબીઆઈના નવા ડિરેક્ટરની નિમણૂંક સામે ભાજપે વાંધો ઉઠાવતા પક્ષની જ ઝાટકણી કાઢવા બદલ પક્ષના વરિષ્ઠ નેતા અને સાંસદ રામ જેઠમલાણીને આજે શિસ્તની કાર્યવાહી કરીને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા હતા. પક્ષમાંથી તેમની હકાલપટ્ટીનો નિર્ણય આવતીકાલે લેવામાં આવે તેવી શક્યતા છે. સીબીઆઈના નવા ડિરેક્ટરની નિમણૂંક અંગે તેની ટિકા બદલ ભાજપ ઉપર જેટમલાણીએ પ્રહારો કર્યા હતા. સાથે સાથે આ મુદ્દે તેમના વલણ બદલ તેમની સામે પગલા લેવા પાર્ટી હાઈકમાન્ડને જેઠમલાણીએ ખુલ્લો પડકાર ફેંક્યો હતો. સીબીઆઈના નવા ડિરેક્ટરની નિમણૂંકના મામલે પક્ષ કરતા અલગ વલણ અપનાવવા અને ગંભીર ટિકા ટિપ્પણી કરવા બદલ પક્ષના વરિષ્ઠ નેતા રામ જેઠમલાણીને આજે સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા હતા.

અમદાવાદ ખાતે આવેલ ગાંધી આશ્રમથી કેજરીવાલના સમર્થકો દિલ્હી જવા રવાના થયા હતા.